# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/131 Dt. 11/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હોમિયોપથી પર સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘હોમિયોપથી’ પર સેશન યોજાયું હતું, જેમાં વ્યારાની સત્ય સાંઇ સેવા સમિતિ હોમિયોપથિક ડિસ્પેન્સરીના ચીફ મેડિકલ ઓફિસર અને એડવાઇઝર ડો. રાજેન્દ્ર આશરાએ હોમિથોપથી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આધુનિક તબીબી વ્યવસ્થામાં ઘણા પ્રકારના રોગો અને સમસ્યાઓ માટે દવાઓ અપાય છે, પરંતુ તેની સાથે ઘણા પરિબળો પણ જોડાયેલા રહે છે. ખાસ કરીને સાઇડ ઇફેકટસ અને ખર્ચના મુદ્દા. આ પરિબળોને ધ્યાનમાં રાખી, પ્રાચીન પણ વૈજ્ઞાનિક રીતે સક્ષમ હોમિયોપથી, જે પ્રકૃતિ અને શરીરના આંતરિક સમતોલન પર આધારિત છે, આજે ખૂબ મહત્વનો વિકલ્પ બનીને ઊભી થઇ છે.

ડો. રાજેન્દ્ર આશરાએ જણાવ્યું હતું કે, હોમિયોપથી એ વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવવામાં આવતી વૈકલ્પિક સારવાર પદ્ધતિ છે, જે શરીરના પ્રાકૃતિક રોગપ્રતિકારક શક્તિને પ્રોત્સાહિત કરીને સારવાર કરે છે. તેમણે ડિજિટલ યુગમાં હોમિયોપથીની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, લોકો આજે જીવનની ગુણવત્તા સુધારવા માટે એલોપેથી દવાઓ પર વધુ આધાર રાખી રહ્યા છે, પરંતુ હોમિયોપથી શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે સલામત અને અસરકારક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે.

સેશન દરમિયાન ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોએ હોમિયોપથીના વ્યવસાયિક પાસા, તેના લાભો અને ગુજરાતમાં તેની વ્યાપારિક સંભાવનાઓ પર પ્રશ્નો પુછયા હતા. ડો. રાજેન્દ્ર આશરાએ ઉદ્યોગ સાહસિકોને વ્યવસાય શરૂ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહયું હતું કે, આ ક્ષેત્રમાં વધુ સંશોધન અને જાગૃતતા વધારવાથી સામૂહિક આરોગ્યમાં પણ સુધારો આવશે.

આ સત્ર દરમ્યાન મેડિટેશન સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હાજર ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને તણાવમુક્તિ માટે વ્યવસ્થિત રીતે મેડિટેશનની પદ્ધતિ શીખવાડવામાં આવી હતી.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આયુષ કમિટીના સભ્ય ડો. ૠજુતાબેન છત્રપતિએ વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય સુશ્રી જયશ્રી પટેલે મેડિટેશન સેશનનું સંચાલન કર્યું હતું. કમિટી સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટી સભ્ય સુશ્રી વૈશાલી દમનિયાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.